<u>**ક્રિ.કે.નં– ૨૧૭/૨૦૨૩ (જુનો ક્રી.કે.નં:– ૪૧/૧૭) ના કામે આંક–૧ નીચે હુકમ:–**</u>

સદર કામમાં હાલની ફરીયાદ ફરીયાદીએ આરોપીઓ સામે ઈ.પી.કો.ક. ૪૦૬ તથા ૪૨૦ મુજબના ગુના અન્વયે ગઈ તા.૦૩/૦૨/૧૭ ના રોજ કોર્ટમાં દાખલ કરતા મારા પુરોગામી વિધ્વાન મેજીસ્ટ્રેટ શ્રી ધ્વારા સદર ગુનાના કામે ક્રી.પો.કો.ક.૨૦૨ મુજબ ફરીયાદીનુ સોગંદઉપર વેરીફીકેશન નોંધી તેના આધારે રજુ થયેલ પુરવાઓને અંતે પ્રથમ દર્શનીય રીતે આરોપીનાઓએ ગુનો કરેલ હોવાનુ ફલીત થતુ હોય જેથી તે અંગેના ગુનાનુ કોગ્નીઝન્સ લઈ આરોપીની સામે **ઈ.પી.કો.ક.૪૦૬,૪૨૦** મુજબના ગુના અન્વયે પ્રોસેસ ઈશ્યુ કરવાનો હુકમ કરેલ. જે હુકમની સામે આરોપી તરફે ના.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સદર ફરીયાદ અંગેની કાર્યવાહીઓ રદ કરાવવા માટે કવોશીંગ પીટીશન ક્રી.પ.અ.નં:–૮૧૧૫/૨૦૧૮ થી દાખલ કરતા ના. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા વચગાળાનો હુકમ કરી સદર કેસની તમામ કાર્યવાહીઓ સ્ટે કરવાનો હુકમ કરેલ અને ત્યારથી સદર કેસની કાર્યવાહીઓ સ્ટે હોય આગળ ચાલેલ નહી અને સબબ કામ ના.હાઈકોર્ટ ધ્વારા વધુ હુકમ થવા માટે સમયાંતરે મુલતવી રાખવામાં આવેલ હતી.

વધુમાં સદર કામે ધણા લાંબા સમયથી કોઈ પણ પક્ષકારો હાજર રહેતા નહી અને સદર ના.ગુજરાત હાઈકોર્ટ સમક્ષની કાર્યવાહીઓમાં કોઈ આખરી ચુકાદો આવેલ કે કેમ તે અંગેની પણ કોઈ માહીતી કોઈએ પુરી પાડેલ ન હોવાથી સદર કેસની કાર્યવાહીઓ આગળ ચાલતી ન હોય જેથી સદર કેસ આજરોજ બોર્ડ ઉપર હોય અત્રેની કોર્ટ ધ્વારા ના.ગુજરાત હાઈકોર્ટની વેબસાઈટ ઉપર સદર કેસનો સ્ટેટસ ચેક કરતા સદર અરજીનો નિકાલ થઈ ગયેલ હોવાનુ ફલીત થયેલ. જેથી તેમાં કરવામાં આવેલ હુકમ ઓન લાઈન જોતા એવી હકીકત જણાઈ આવેલ કે, આરોપી તરફે ના.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સદર ફરીયાદ અંગેની કાર્યવાહીઓ રદ કરાવવા માટે કવોશીંગ પીટીશન ક્રી.પ.અ.નં:–૮૧૧૫/૨૦૧૮ થી જે દાખલ કરવામાં આવેલ હતી જેની સુનાવણી ના.જસ્ટીસ શ્રી સંદીપ એન.ભટ્ટ સાહેબનાઓ સમક્ષ ગઈ તા.૧૭/૦૭/૨૩ ના રોજ ચાલી જતા સુનાવણીના અંતે સદર કામે અરજદારની એટલે કે હાલના આરોપી તરફે કરવામાં આવેલ અરજી ના મંજુર કરતો તથા તેમાં અગાઉ કોઈ વચગાળાનો સ્ટેનો હુકમ કરેલ હોય તો તે સ્ટે પણ વેકેટ કરવાનો હુકમ કરવામાં આવેલ. જેથી અત્રેની કોર્ટમાં કોઈ પણ પક્ષકારો હાજર રહેતા ન હોય તથા સદર અરજીનો નિકાલ થઈ ગયેલ હોવા છતા તેની અત્રેની કોર્ટમાં કોઈ જાણ કરતા ન હોય તથા રેકર્ડ ધ્યાને લેતા સદર આખરી હુકમની રીટ પણ આજદીન સુધી અત્રેની કોર્ટમાં આવેલ ન હોવાથી કોર્ટ ધ્વારા ના.ગુજરાત હાઈકોર્ટની વેબસાઈટ ઉપર થી ક્રી.પ.અ.નં:–૮૧૧૫/૨૦૧૮ નો કેસ સ્ટેટસ રીપોર્ટ તથા તે અરજીના કામે ગઈ તા.૧૭/૦૭/૨૩ ના રોજ થયેલ હુકમની નકલ કાઢવામાં આવેલ અને જે આ કામે અનુક્રમે આંક–૦૭ તથા આંક–૦૮ થી સામેલ રાખેલ છે. આમ, આંક–૦૮ થી સામેલ રાખેલ ના.ગુજરાત હાઈકોર્ટનો હુકમ ધ્યાને લેતા ના.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આરોપી ધ્વારા ક્રી.કે.નં:–૪૧/૧૭ કે જે માલપુર કોર્ટ ખાતે પેન્ડિંગ

હોય તે રદ્દ કરવાની અરજી '**નામંજુર**' કરેલ તથા અગાઉ કોઈ વચગાળાનો સ્ટેનો હુકમ કરેલ હોય તો તે સ્ટે પણ વેકેટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. જેથી તે કેસની આરોપી સામેની કાર્યવાહીઓ ના.ગુજરાત હાઈકોર્ટના હુકમ અન્વયે હવેથી આગળ ચલાવવી પડે. વધુમાં તે કેસ અગાઉ અત્રેની કોર્ટમાંથી અન્ય તાલુકા કોર્ટમાં ટ્રાન્સફર થયેલ અને ત્યારબાદ તાજેતરમાં તે ફરીથી ટ્રાન્સફર થઈ અત્રે પરત આવતા તેનો નવો નંબર– ૨૧૭/૨૩ થી પાડવામાં આવેલ અને જે હાલમાં અત્રેની કોર્ટમાં પેન્ડિંગ છે જેથી તે જુનો કેસ નં – ૪૧/૧૭ ના કેસની આરોપી સામેની કાર્યવાહીઓ આગળ ચલાવવાની હોય જેથી સદર નવા નંબર વાળા હાલના કેસની કાર્યવાહીઓ પણ આરોપી સામેની ના.ગુજરાત હાઈકોર્ટના હુકમ અન્વયે આગળ ચલાવવી પડે અને જેથી આજરોજ આરોપી કે તેઓ તરફે કોઈ હાજર ન હોય આ કામે આરોપી સામે રૂા. ૧૫,૦૦૦/– (રૂપીયા પંદર હજાર પુરા) નો જામીન લાયક વોરંટ મુ.તા. ૦૫/૦૧/૨૪ ના રોજનો કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ:– **૦૩** જી**,** માહે – **નવેમ્બર** સને **૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૩/૧૧/૨૦૨૩**
**માલપુર.**

**(ઓવેશખાન લીયાકતખાન પઠાણ)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**માલપુર.( યુ.આઈ.સી.નં.૦૧૨૦૭)**